# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-10-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## CM VETAN VADHARO

રાજ્યની સરકારી મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલમાં ફરજ પરના કરાર આધારિત તબીબોના વેતનમાં વધારો કરાયો છે.. વર્ગ-૧ અને વર્ગ-૨ના તબીબી શિક્ષકોને અપાતા માસિક વેતનમાં ૩૦ ટકા થી ૫૫ ટકા સુધીનો વધારો મળશે.

----------

## SAUNI YOJNA

રાજ્યમાં 'સૌની યોજના' થકી સૌરાષ્ટ્રના અંદાજે ૬ લાખ પચાસ હજાર એકર વિસ્તારમાં પિયત તથા પીવાના પાણીનો લાભ મળ્યો છે. સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧ જિલ્લાઓના ૯૯ જળાશયો, ૧૯૦ ગામ તળાવો અને ૧૬૧૩ ચેકડેમો નર્મદાના નીરથી ભરાયા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ફેબ્રુઆરી 2014માં શરૂ થયેલી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઇરીગેશન યોજના - સૌની યોજના અંતર્ગત નર્મદાના પૂરના વધારાના પાણી પૈકી ૪૩ હજાર ૫૦૦ મીલીયન ઘન ફુટ પાણી સૌરાષ્ટ્ર વિસ્તારને ફાળવવામાં આવ્યું છે, પરિણામે સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયો ભરીને સિંચાઈ વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવામાં આવી છે. ૯૭૦ કરતા વધુ ગામોને સિંચાઈનું પાણી, ૭૩૭ ગામો અને ૩૧ શહેરોને પીવાનું પાણી પહોંચ્યું છે. સૌરાષ્ટ્રના ૮ લાખ ૨૫ હજાર એકર જેટલા વિસ્તારમાં પિયત તથા પીવાના પાણીનો લાભ આપવાનું સઘન

આયોજન પણ કરવામાં આવ્યું છે. જે માટે ૪ લીંક પાઇપલાઈન નહેરોનું પણ આયોજન છે.

આ નહેરોના નિર્માણ બાદ વધુ વિસ્તારને પાણીની સુવિધા મળી રહેશે..વિકસિત ભારતની યાત્રામાં જળવ્યવસ્થાપનની મહત્વપૂર્ણ ભૂમિકા સૌની યૌજના દ્વારા ફલિત થાય છે.

.................

## HARSH SANGHVI KUTCH

ગૃહ મંત્રી હર્ષ સંઘવી કચ્છના પ્રવાસે છે. તેમને ભુજના પોલીસ ગ્રાઉન્ડ ખાતે ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું..

હર્ષ સંઘવીએ ગ્રાઉન્ડ ખાતે શહીદ સ્મારક પર પુષ્પાંજલી અર્પીને શહિદોને શ્રધ્ધાંજલી અર્પી હતી.. ગૃહ રાજ્યમંત્રીએ આ પ્રસંગે વિવિધ કામો, પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ પરિવાર દ્વારા નવનિર્મિત થનાર ગૌ શાળાનું, તેમજ કચ્છના અંજાર ડેપો વર્કશોપનું ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં ગુજરાત પોલીસ આવાસ નિગમ લિમિટેડ દ્વારા નવનિર્મિત આવાસોનું લોકાર્પણ પણ કર્યું હતું..

આ ઉપરાંત સરહદી રેન્જમાં "ગુરૂ-જન-સેતુ"નો પણ તેમણે આરંભ કરાવ્યો હતો.. માધાપર ખાતે વીરાંગનાઓ સાથે હર્ષ સંઘવીએ વાતચીત કરી હતી.

-----------------

## SURAT DUSHKARM CASE

સુરત જીલ્લાના માંગરોળમાં આવેલા મોટાબોરસરા -નરોલી જવાનાં માર્ગ પર સગીરા પર સામુહિક દુષ્કર્મ ની ઘટના બની હતી ..સુરત જિલ્લા પોલીસ વડા હિતેશ જોઈસરે પત્રકારો ને માહિતી આપતા જણાવ્યું હતું કે સગીરા અને તેનો મિત્ર બાઈક પર પેટ્રોલ પુરાવવા જતા હતા એ દરમ્યાન અજાણ્યા ત્રણ ઈસમો એ યુવકને માર મારી  સગીરા સાથે સામુહિક દુષ્કર્મ આચાર્યું હતું .પોલીસે ત્રણ પૈકી બે શકમંદ ને ઝડપીને પૂછપરછ કરી હતી...હાલ પોલીસે દુષ્કર્મ અને લૂંટ નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું પણ જીલ્લા પોલીસ વડા હિતેષ જોઇશરે જણાવ્યું હતું.

(બાઇટ - હિતેશ જોઇસર, સુરત જીલ્લા પોલીસ વડા)

-----------------------------------

## Mahesana- National Level School Games...

મહેસાણા જિલ્લાના પાચોટ  ગામ  ખાતે  આવેલ  સ્પોર્ટ્સ  સંકુલમાં યોજાયેલી 68મી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા જુડો અંડર 14 રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં 31 રાજ્યોના કુલ 393 ખેલાડીઓએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં પ્રથમ નંબરે મણિપુર, બીજા ક્રમે હરિયાણા અને ત્રીજા નંબરે ગુજરાતે બે સુવર્ણ ચંદ્રક તેમજ બે રજત ચંદ્રક મેળવ્યા હતા. ગુજરાતની બહેનોમાં પૂર્વી પઢીયારે 23 કિલોગ્રામ અને સેજલ ઠાકોરે 32 કિલોગ્રામમમાં ચંદ્રક જીત્યા છે. જ્યારે ભાઈઓમાં શાહનવાઝ મજગુલે એ 30 કિલોગ્રામમમાં રજત ચંદ્રક મેળવ્યો હતો. આ સ્પર્ધાના સમાપન પ્રસંગે ધારાસભ્ય સરદાર ચૌધરી તેમન રમત ગમત અધિકારી વિરલ ચૌધરી સહિત ટીમના કોચ ઉપસ્થિત રહ્યા હતા.

---------------

## BHAVNAGAR VIKAS PRATIGNA

ભાવનગર જિલ્લા માહિતી કચેરીના અધિકારી તેમજ કર્મચારીઓએ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના શપથ લીધા હતાં. ભારત વિકાસ પ્રતિજ્ઞા ઓનલાઈન લઈ પોતાના નામ વાળા પ્રમાણપત્ર ભાવનગર જિલ્લા માહિતી કચેરીના અધિકારી અને કર્મચારીઓએ મેળવ્યા હતા.

તેમણે અન્યને પણ ઓનલાઇન પ્રતિજ્ઞા લીધા અંગેનું સર્ટિફિકેટ મેળવી સોશિયલ મીડિયા પર ચડાવવા અનુરોધ કર્યો હતો.

.................